| | |
|---|---|
| દાખલ તારીખ. | ૦૮–૧૦–૨૦૨૨ |
| રજીસ્ટરે લીધા તારીખ. | ૦૮–૧૦–૨૦૨૨ |
| ફેંસલ તારીખ. | ૦૮–૦૫–૨૦૨૪ |
| સમય ગાળો. | વર્ષ : માસ : દિવસ.<br>૧ ૭ ૦ |

**પોરબંદરના મે. ત્રીજા અધિક સિનિયર સિવિલ જજ અને**
**અધિક ચીફ જયુડી.મેજી.સાહેબની કોર્ટમાં,પોરબંદર.**

| દિ.પ.અરજી. | ૬૦/૨૦૨૨ | આંક– | ૨૭ |
|---|---|---|---|

**અરજદાર**

સગીર એન્જલ મયુરભાઈ થાનકી
ઉ.વ.આ.૧૦, ધંધો–અભ્યાસ,
ના વાલી મયુરભાઈ વિજભાઈ થાનકી,
રહે.શીંગચ, જામનગર.

વિરૂધ્ધ...

**સામાવાળા** ×××××

| બાબત | ગુજરનારના વિલનુ પ્રોબેટ યાને લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન મળવા. |
|---|---|

| | | |
|---|---|---|
| અરજદાર તરફે.. | વિ.વકીલશ્રી. | એ.ડી.સુરાણી. |
| સામાવાળા તરફે.. | વિ.વકીલ શ્રી. | |

**–// ચુકાદો //–**

(૧).. આ કામે અરજદાર ની અરજી ની હકીકત ટુંકમાં એવી છે કે,

(૧.૧).. ગુજરનાર – વિલ કરનાર વિનોદ નાથાલાલ થાનકી કે તેઓનું તા.૦૬–૦૯–૨૦૨૧ ના રોજ અવસાન થયેલ છે અને વિલ કરનાર વિનોદભાઈ નાથાલાલ થાનકીના પત્ની કંચનબેન વિનોદભાઈ થાનકીનું તા.૨૧–૦૨–૨૦૨૧ ના રોજ

નિ:સંતાન અવસ્થામાં અવસાન થયેલ છે. અને તે રીતે ગુજરનાર અરજદારના પિતાના મોટાભાઈ થતા હતા અને તેના નજીકના સીધી લીટીના વારસદારોમાં અરજદાર જ છે અને તે સીવાય અન્ય કોઈ વારસદાર ન હોવાનું જણાવેલ છે.

(૧.૨).. વધુમાં જણાવેલ છે કે, ગુજરનાર વિનોદ નાથાલાલ થાનકી દવારા તા.૨૭–૦૯–૨૦૧૬ ના રોજ નોટરી રૂબરૂ એક વિલ કરેલ છે. અને જે પોરબંદરના નોટરી એડવોકેટ હેતલબેન પી. વાજા દવારા નોટરી કરવામાં આવેલ છે અને તે ગુજરનારનું છેવટનું અને આખરી વિલ છે. અને તે વિલનું પ્રોબેટ મળવા માટે હાલની અરજી તેઓએ કરેલ છે.

(૧.૩) વધુમાં જણાવેલ છે કે, ગુજરનારના નામે એક મિલકત કે જે શહેર પોરબંદરમાં ખાપટની હદમાં આવેલ રેવન્યુ સર્વે નં.૧૫૧/૦૧ એકર ૧ ગુંઠા ૩૭ તથા સર્વે નં.૧૫૧/૨ પૈકી એકર ૧ ગુંઠા ૦૨ મળી કુલ જમીન એકર ૨ ગુંઠા ૩૯ જમીનના રહેણાંકના હેતુ માટે બિનખેતીમાં ફેરવાયેલ શ્રીજી ધામ – ૩ નામે ઓળખાતા પ્લોટસ પૈકી પ્લોટ નં.૬૧ પૈકી વિભાજન દર્શક પ્લાનમાં દર્શાવેલ વિભાગ નં.બી જમીન ચો. વાર ૪૬–૧૮ જેના ચો.મી. ૩૮–૬૧ તથા તે ઉપરના હાજર સ્થિતીના બાંધકામવાળી મિલકત આવેલી છે અને તે મિલકત સબંધે હાલ સીટી સર્વે રેકર્ડમાં તેઓના એકલાના નામે આ મિલકત આવેલી છે. અને વિલ મુજબ બેન્કના ખાતામાં રહેલી નાની મોટી રકમ તથા ઘરમાં રહેલ રાચરચીલુ વિગેરે મિલકત અન્વયે ગુજરનાર દવારા અરજદારના નામનું વિલ કરેલ છે. અને તે રીતે વિલનું પ્રોબેટ મળવા હાલની અરજી દાખલ કરેલ હોવાનું જણાવેલ છે અને અરજીમાં માંગ્યા મુજબ દાદ મળવા અરજ કરેલ છે.

(૨).. અરજદાર ની અરજીના કામે અત્રેની અદાલત દવારા જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવાનો હુકમ કરવામાં આવેલ. જે સંબધે કોઈ પણ વ્યકિત કે સંસ્થા દવારા વાંધો તકરાર રજુ કરવામાં આવેલ નથી.

(૩).. આ કામે અરજદાર તરફે પોતાની અરજીની હકીકત પુરવાર કરવા સારુ નીચે મુજબ નો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

## (અ) મૌખિક પુરાવો

| અનુ. નં. | પુરાવા ની વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર મયુરભાઈ વિજયભાઈ થાનકીના પુરાવાનું સોગંદનામું | ૧૦ |
| ૨. | સાહેદ હેતલબેન પુજાભાઈ વાજાની જુબાની | ૨૧ |

## (બ) દસ્તાવેજી પુરાવો

| અનુ. નં. | પુરાવા ની વિગત | આંક |
|---|---|---|
| (૧) | અરજદારના આધારકાર્ડની નકલ | ૧૪ |
| (૨) | દૈનિક વર્તમાનપત્રમાં આપેલ જાહેર નોટીસ | ૧૫ |
| (૩) | ગુજરનાર વિનોદ નાથાલાલ થાનકીનું મરણ પ્રમાણ પત્ર | ૧૬ |
| (૪) | ગુજરનાર કંચનબેન વિનોદભાઈ થાનકીનું મરણ પત્રમાણ પત્ર | ૧૭ |
| (૫) | અસલ વિય ચાને વસીયતનામું | ૧૮ |
| (૬) | નોટરી રજીસ્ટરનો ઉતારાની ટ્રુ કોપી | ૨૨ |
| (૭) | રજી. વેચાણ દસ્તાવેજ નં.૬૬૧૪/૨૦૧૧ ની ખરીનકલ | ૨૫ |

(૪).. આ કામે અરજદાર તરફે આંક–૨૬ થી કલોઝીંગ પુરસીસ રજુ કરતા અરજદારનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. વધુમાં અરજદાર તરફે વિ.વકીલશ્રી એ.ડી.સુરાણીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે. જે ધ્યાને લીધી.

(૫).. આ કામે હાલની અરજી ન્યાય નિર્ણય માટે નીચેના મુદાઓ ઉપસ્થિત થયેલ છે.

### –// મુદ્દા //–

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, ગુજરનાર વિનોદ નાથાલાલ થાનકીનું તા.૦૬–૦૯–૨૦૨૧ ના રોજ તથા ગુજરનાર કંચનબેન વિનોદભાઈ થાનકીનું તા.૨૧–૦૨–૨૦૨૧ ના રોજ અવસાન પામેલ છે અને ગુજરનાર વિનોદ નાથાલાલ થાનકીએ અરજદારની તરફેણમાં વિલ કરી આપેલ છે ?

(૨) શું અરજદાર પુરાવાર કરે છે કે, અરજી પેરા–૫ માં જણાવ્યા મુજબની મિલકત ગુજરનાર વિનોદ નાથાલાલ થાનકીના નામે આવેલ છે ?

(૩) શું અરજદાર માંગ્યા મુજબ ની દાદ મેળવવા હકકદાર છે ?

(૪) શું હુકમ ?

(૬).. ઉપરોકત મુદૃા પરત્વે અત્રેની અદાલત ના નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) આખરી હુકમ મુજબ.

(૭).. ઉપરોકત મુદૃાઓના અત્રેની અદાલતના કારણો નીચે મુજબ છે.

**–// કારણો //–**

(૭.૧).. આ કામે ઉપર ઉદભવેલા મુદૃા નં.૧ તથા ૩ પરસ્પર એકબીજા સાથે સંકડાયેલ હોય પુરાવાનુ બિનજરૂરી પુનરાવર્તન ના થાય તે સારૂ મુદાની ચર્ચા એક સાથે કરવી સુગમ અને સરળ હોઈ ચર્ચા એકસાથે કરવામાં આવે છે. આ કામે રેકર્ડ પર ના પુરાવા નું મુલ્યાંકન કરતા પહેલા સાબીતી નો બોજો કોના ઉપર છે અને તે અંગે કાયદાકીય જોગવાઈઓ શું છે તે જોઈએ તો, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ તથા ૧૦૨ મુજબ કોઈ વ્યકિત જે હકીકતનું પ્રતિપાદન કરતી હોય તેણે તે સાબીત કરવી જોઈએ, તે સાબીતીના બોજા અંગેનો સામાન્ય નિયમ છે. સાબીતી નો બોજો કોના ઉપર છે તે નકકી કરવા માટેની ચકાસણી કલમ ૧૦૨ ના પ્રબંધથી દર્શાવવામાં આવી છે. કોઈ બાબત, કોઈ હકીકતનું એક વ્યકિત પ્રતિપાદન કરે તથા બીજી વ્યકિત તેનો ઈન્કાર કરે ત્યારે પુરાવો હકારાત્મક હોય તે કારણે પ્રતિપાદન કરતી વ્યકિતએ તે હકીકત સાબીત કરવી પડે. તે વ્યકિત સાબીત કરે અથવા પ્રથમ દ્રષ્ટિએ તે હકીકત માનવા લાયક બનતી હોય ત્યારે જે પક્ષ તેવી હકીકતનો ઈન્કાર

કરતો હોય તેણે તેવી હકીકતનું ખંડન કરતો પુરાવો આપવાનો રહે. પ્રતિપાદન કરનાર વ્યકિત પરથી પુરાવાનો બોજો નહીં, પરંતુ પુરાવાની જવાબદારી ખસે છે. જે વ્યકિત પ્રતિપાદન કરતી હોય તે જ કોઈ પુરાવો રજુ ન કરે તો ઈન્કાર કરનારને કશુ જ કરવાનું રહેતું નથી. આમ બન્ને પક્ષ તરફથી કોઈ પુરાવો રજુ થાય નહી તો પ્રતિપાદન કરનાર વ્યકિત નિષ્ફળ જાય તેવો કાયદાનો સ્થાપીત કરેલો સિધ્ધાંત છે. આમ જયારે હાલનો કેસ દિવાની પ્રકારનો છે અને તેમાં વાદી જયારે પોતાનો દાવો લઈને અદાલત સમક્ષ આવેલ છે ત્યારે તેણે તેનો દાવો, હકીકતની સંભવિતતા ની ઉચ્ચી માત્રા અને સમતોલ પુરાવાથી અને માત્ર પોતાના હકારાત્મક પુરાવાથી સાબીત કરવાનો રહે છે. પ્રતિવાદીએ ગમે તેવો બચાવ લીધો હોય, માત્ર પ્રતિવાદી પોતાનો બચાવ સાબીત ન કરે તેટલા માત્રથી એમ ન કહી શકાય કે વાદીનો દાવો ખરો છે. તેમજ સામાવાળાનો પુરાવો નબળો હોય અથવા કોઈ પુરાવો રજુ કરેલ ન હોય તે માત્ર કારણથી વાદીનો દાવો ખરો છે તેમ કહી શકાય નહી. તેમજ કાયદાનો એ પણ પ્રસ્થાપીત સિધ્ધાંત છે કે માત્ર દસ્તાવેજો રજુ કરી દેવા માત્રથી જે તે દસ્તાવેજો સાબીત થઈ જતા નથી. દસ્તાવેજ સાબીત કરવા તે કાર્યવાહીનો એક ભાગ છે અને દિવાની કાર્યરીતિ અધિનિયમ તથા ભારતીય પુરાવા અધિનિયમમાં કરેલ જોગવાઈ અનુસાર યોગ્ય પધ્ધતી દવારા જ દસ્તાવેજો સાબીત કરી શકાય અને કોઈપણ દસ્તાવેજો સાબીત થાય તો જ તેનું પુરાવામાં મુલ્યાંકન કરી શકાય. ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ તથા કાયદા દવારા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા આ કામે કોણે શું પુરાવો રજુ કર્યો છે અને જે તે પક્ષકારે તેના ઉપરનો સાબીતીનો બોજો યોગ્ય પુરાવા થી દુર કરી શકેલ છે કે કેમ? તે જોવામાં આવે તો આ કામમાં મુદા નં.૧ થી ૩ પુરવાર કરવાનો બોજો અરજદાર પર રહેલ છે.

(૭.૨).. ઉપરોકત મુદ્દાઓ એકબીજાની હકીકત સાથે સલંગ્ન હોય, પુરાવાનું પુનરાવર્તન નિવારવાના હેતુંથી તેની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે. અરજદાર હાલની અરજી વિલનું પ્રોબેટ અથવા લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન મેળવવા સારુ લાવેલ છે. સદર અરજીના કામે અરજદાર તરફે પોતાની અરજીની હકીકત સાબીત કરવા માટે

આંક–૧૦ ની અરજદાર મયુરભાઈ વિજયભાઈ થાનકી નાઓના પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં આંક–૧ ની હકીકતોને વળગી રહેલ છે અને તે સીવાય નવી કોઈ હકીકત જણાવેલ નથી.

(૭.૩).. વધુમાં અરજદાર તરફે પોતાના મૌખિક પુરાવાના સમર્થનમાં આંક–૧૬ થી વિનોદ નાથાલાલ થાનકીનું મરણ પ્રમાણ પત્ર તથા આંક–૧૭ થી કંચનબેન વિનોદભાઈ થાનકીનું રજુ રાખેલ છે. જે વંચાણે લેતા અરજદારના વિલ કરનાર વિનોદ નાથાલાલ થાનકીનું અને તેમના પત્ની કંચનબેન વિનોદભાઈ થાનકીનું અવસાન થયેલ હોવાનું જણાય આવે છે. તેમજ અરજદાર તરફે કરવામાં આવેલ રજુઆત મુજબ વિલ કરનારને કોઈ સંતાન હતુ નહી.

(૭.૪).. વધુમાં અરજદાર તરફે ગુજરનાર આંક–૧૮ થી ગુજરનાર વિનોદ નાથાલાલ થાનકી નાઓએ તેઓની હયાતી દરમ્યાન કરેલ વિલ યાને વસીયતનામુ રજુ રાખેલ છે. જે વંચાણે લેતા ગુજરનાર વિનોદ નાથાલાલ થાનકી નાઓએ તેઓની સ્થાવર મિલકત ટેનામેન્ટ (મકાન) કે જે પોરબંદર તાલુકા જીલ્લાના આદીત્યાણા રોડ પર ખાપટ વિસ્તાર શ્રીજીધામ–૩ મામાદેવના મંદિર પાસે આવેલ છે તેનું અરજદારની તરફેણમાં વિલ કરેલ હોવાનુ જણાય આવેલ છે. તેમજ સદર વિલના નોટરી કરનાર હેતલબેન પુજાભાઈ વાજા નાઓને આંક–૨૧ થી સોગંદ પર તપાસવામાં આવેલા છે. તેઓએ તેઓની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૧૧ થી નોટરી તરીકે ફરજ બજાવે છે. તેઓને નામદાર કોર્ટના રેકર્ડમાંથી આંક–૧૮ વાળુ અસલ વિલ બતાવવામાં આવતા જેમાં નોટરી તરીકે તેઓની સહી છે. આ વિલ તેઓએ તેઓના નોટરી રજીસ્ટર નં.૬૭૩૨ થી તા.૨૭–૦૯–૨૦૧૬ ના રોજ નોંધણી કરેલ છે. આ વિલ વિલકર્તાને વાંચી સંભળાવી બરોબર હોય તેવુ જણાવતા તેઓએ નોટરી કરેલ છે. જે નોટરી રજીસ્ટરનો ઉતારામાંથી નં.૬૭૩૨ ની નકલ જે આંક–૨૨ થી રજુ છે. વિલકર્તા તેઓની પાસે આવેલા ત્યારે તેઓ સંપુર્ણ સ્વસ્થ અવસ્થામાં હતા. આમ આ કામે આંક–૧૮ થી રજુ થયેલ વિલને સદર સાહેદના પુરાવાથી સમર્થન મળે છે.

(૭.૫).. આમ, અરજદાર તરફે રજુ રાખેલ ઉપરોકત પુરાવા પરથી વિનોદ નાથાલાલ થાનકી નાઓએ તેમની હયાતી દરમ્યાન અરજદારની તરફેણમાં વિલ કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે. તેમજ અરજીના કામે કોઈ પણ વ્યકિત કે સંસ્થા દવારા જાહેર નોટીસ અન્વયે કોઈ વાંધો તકરાર લેવામાં આવેલ નથી કે અન્ય કોઈ તરફે કલેઈમ કરવામાં આવેલ નથી. જેથી ઉપરોકત ચર્ચાના આધારે મુદ્દા નં.૧ થી ૩ પરત્વેનો નિર્ણય હકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૪ પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–// હુકમ //–**

(૧).. અરજદારની હાલની વિલનું પ્રોબેટ મળવા અંગેની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨).. તેમજ ગુજરનાર વિનોદ નાથાલાલ થાનકી નાઓના વિલના આધારે અરજીમાં દર્શાવેલ સ્થાવર મિલકત તથા જંગમ મિલકતના અરજદાર સગીર એન્જલ મયુરભાઈ થાનકીના નામનું પ્રોબેટ સર્ટીફીકેટ જરૂરી કોર્ટ ફી સ્ટેમ્પ રજુ કર્યેથી તૈયાર કરી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૮ મી, માંહે – મે, સને – ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

પોરબંદર.
તા.૦૮.૦૫.૨૦૨૪.

(મુકેશ વિનોદરાય પંડયા)
ત્રીજા અધિક સિનિયર સિવિલ જજ અને
અધિક ચીફ જયુડી.મેજી.,પોરબંદર.
(U/C NO.GJ 01253)